# મોરબી જીલ્લા ની કૃષિ વિષયક માહીતી

મોરબી જિલ્લો ગુજરાતનામાંસૌરાષ્ટ્રનાઉત્તરઝોનમાં આવેલ છે. જેની ઉત્તર પશ્ચિમે દરિયાકાંઠાનો વિસ્તાર તથા ઉત્તરે કચ્છનું નાનું રણ આવેલુ છે. મોરબીજિલ્લામાં મોરબી, માળીયા(મી.), વાંકાનેર,ટંકારા અને હળવદ એમ કુલ પાંચતાલુકાનો સમાવેશ થાય છે.

મોરબીજિલ્લો વર્ષ ૨૦૧૩ થી અસ્તિત્વમાં આવેલ નવરચિત જીલ્લો છે. મોરબીજીલ્લાની રચના જુના રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લા માંથી થયેલ છે.મોરબી જીલ્લમાં મચ્છુ, ડેમી,બ્રામણી, આસોઈવિગેર નદીઓ આવેલ છે. જેનાઉપર મચ્છુ ૧ અને ૨ તથા ડેમી ૨ અને ૩, બ્રામણીતથા આસોઈ સિંચાઈ યોજનાઓ આવેલ છે. મોરબીએજીલ્લાનું મુખ્ય મથક છે.મોરબીએ સૌરાષ્ટ્રના પેરીસ તરીકે ઉપમા મેળવી છે. વર્ષ ૧૯૭૯માંઆવેલ હોનારત અને ૨૦૦૧ માં ભૂકંપ જેવી કુદરતી આફતોનો સામનો કરી મોરબીની ખમીરવંતી પ્રજાએ આજે મોરબીને સિરામિક-ટાઈલ્સ, ઘડિયાળ, નળિયાંનાં ઉદ્યોગોથકીવિશ્વમાં આગવી ઓળખ ઉભી કરેલ છે. ભારતના મહાપુરુષ સવામી દયાનંદ સરસ્વતીનીજન્મ ભૂમિ મોરબી જિલ્લનો ટંકારા તાલુકો છે તથા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્રની જન્મ ભૂમિ મોરબી જિલ્લાના માળીયા તાલુકાનું વાવાણીયા ગામ છે. જે મોરબી માટે ગૌરવની બાબત છે.

## મોરબીજિલ્લાની જમીન અને આબોહવા:-

મોરબીજિલ્લાનો કુલ ભૌગોલીક વિસ્તાર ૫,૩૬,૯૨૪હેક્ટર છે જે પૈકી ૩,૩૧,૭૬૨ હેક્ટર વિસ્તાર ખેતી લાયક જમીન છે. જિલ્લામાં કુલ ૧,૧૯,૫૪૭ હેક્ટર વિસ્તારમાં કેનાલ/કુવા/ટ્યુબવેલ દ્વારા પિયત થાય છે. જિલ્લામાં રવિ ઋતુમાં કુલ ૬૦,૦૦૦ હેક્ટરમાં, ચોમાસુ ઋતુમાં ૩,૨૦,૦૦૦ હેક્ટરમાં અને ઉનાળુ ઋતુમાં અંદાજે૮૦૦૦હેક્ટરમાં વાવેતર થાય છે. જિલ્લામાં મુખ્યત્વે કાપાસ,મગફળી, તલ,એરંડા,ઘઉં, ઘણા, જીરૂ,બાજરી,ચણા અને શાકભાજી તથા બાગાયતી પાકોમાં વાવેતર થાય છે. મોરબીજિલ્લામાં કુલ ૧,૩૯,૪૯૧ ખેડુત ખાતેદાર છે જે પૈકી સીમાંત- ૩૬૫૦૩નાના- ૪૮૬૩૩અને મોટા- ૫૪૩૫૫છે.

## વરસાદ :-

ચોમાસુ ઋતુમાં વરસાદની શરૂઆત નિયમીત હોય તો જુન માસના મધ્યમાં આવે છે. અને સપ્ટેમ્બર માસના અંતમાં વરસાદ વિદાય લેતા ચોમાસુ પુર્ણ થાય છે. મોરબી જીલ્લમાં ૫૦૦-૬૦૦ મી.મી. સરેરાશવરસાદ પડે છે. ગત ચોમાસું ૨૦૧૬માં ૩૬૬મી.મી. વરસાદ પડેલ છે. જે સરેરાશ વરસાદના ૬૧% થાય છે.

## <u>કૃષિલક્ષી કાર્યક્રમની સફળતાના પગલે ખેડુતોની આર્થિક, સામાજીક જીવનમાં આવેલ પરીવર્તનો</u>

મોરબીજિલ્લામાં ૨૦૦૫ થી અત્યાર સુધી **<u>૧૧ કૃષિ મહોત્સવ</u>** સફળતા પૂર્વક ઉજવાઇ ગયેલ છે. જેના પ્રતિસાદ રૂપે ખેડુતોમાં ખેતી પાકો, બાગાયતી પાકો, તેમજ પશુપાલન ક્ષેત્રે અધ્યતન વૈજ્ઞાનિક અભિગમ મેળવી આધુનિક પધ્ધતિથી ખેતી કરતા થયા છે. દર વર્ષે યોજાતાં કૃષિ મહોત્સવને કારણે ખેડૂત અને વૈજ્ઞાનિકોનો સંપર્ક જીવંત બન્યો છે. ખેડૂતો કોઈપણ જાતનો સંકોચ રાખ્યા સિવાય તેઓના પ્રશ્નોનું નિરાકરણ મેળવીને ખેતીને વધુ ઉન્નત બનાવી શકયા છે. આમ થવાથી રાજયના કૃષિ વિકાસ દરમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી જોવા મળેલ છે.

વધુમાં સોઇલહેલ્થ કાર્ડની જાગૃત્તતા ખેડુતોમાં કૃષિલક્ષી કાર્યક્રમના કારણે આવી હોવાથી રાસાયણિક ખાતરનો જરૂર પુરતો ઉપયોગ થવાને કારણે ખેતી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. હાલમાં ખેડુતો ઓછામાં ઓછા ખેતી ખર્ચે વધુમાં વધુ ઉત્પાદન મેળવતા થયા છે. ખાસ કરીને જિલ્લના હળવદ તાલુકાના ખેડુતો પરંપરાગત  ખેતી છોડી બાગાયતી પાકો અપનાવી વધુ આવક મેળવતા થયા છે. જીલ્લામાં કુલ વર્ષ દરમ્યાન ૩૮૫૬૫હેક્ટરમાં બાગાયતી ખેતી થાય છે.

મોરબી જિલ્લામાં યોજાતા કૃષિલક્ષી કાર્યક્રમ  થકી મળેલ માર્ગદર્શનથી ખેડુતો જુદાજુદા પાકોમાં મુલ્યવર્ધન જેવાકે ગ્રેડીંગ, પ્રોસેસીંગ પેકેજીંગ અપનાવી પોતાના ખેત પેદાશોનુ વધુ મુલ્ય મેળવતા થયા છે. ખેડુતો પાકની ફેરબદલી, ઓર્ગેનિક ખેતી પધ્ધતિ, નિંદામણ નિયત્રણ, કિટક નિયત્રણ જેવા વિષયોનુ માર્ગદર્શન મેળવી અધ્યતન ખેતી કરતા થયેલ છે.

મોરબી જિલ્લામાં યોજાતા કૃષિલક્ષી કાર્યક્રમમાં જળસંચય તથા સુક્ષ્મ પિયત પધ્ધતિ અંગે મળેલ  માર્ગદર્શન થકી ખેડુતો સુક્ષ્મ પિયત પધ્ધતિઓથી સિંચાઇ કરતા થયેલ છે અને તે થકી પાણી, ખાતરનો બચાવ અને ઉત્પાદનમાં વધારો કરતા થયેલ છે. મોરબી જિલ્લામાં કુલ ૧૫૧૫૨ ખેડુતો દ્વારા કુલ ૨૪૯૬૩ હેકટર વિસ્તારમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી જી.જી.આર.સી. મારફતે સરકારશ્રીની સહાયનો લાભ લીધેલ છે.

જિલ્લામાં કૃષિલક્ષી તેમજ સરકારશ્રી ધ્વારા યોજાતા અન્ય કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રીની વિવિધ સહાય યોજનાઓની માહિતી મળવાથી મોટા પ્રમાણમાં ખેડુત સમુદાય દ્વારા ખેતીવાડી, બાગાયત અને પશુપાલન ખાતાની સહાયનો લાભ લીધેલ છે. કૃષિ યાંત્રિકરણના માર્ગદર્શનથી ખેડુતો ખેતીમાં મહત્તમ યાંત્રિકરણનો ઉપયોગ કરતાં થયેલ છે. મોરબીજિલ્લાના ખેડુતોએ રોટાવેટર, રીપર, પાવર ટીલર, કલ્ટીવેટર, ઓટો સીડ કમ ફર્ટીલાઈઝર, બંડફોર્મર, પાવર થ્રેસર  જેવા કૃષિયાંત્રીકરણના સાધનો સરકારી સહાય મેળવી વસાવેલ છે. જેનાં કારણે ખેતીને લગતા ખેતીકાર્યો સમયસર પૂર્ણ થવાથી ખેડુતો વર્ષમાં ત્રણ પાકો કરતાં થયા છે તેમજ ખેડુતો પોતાની તમામ જમીનમાં સમયસર ખેતીકાર્યો થતાં હોવાને કારણે પડતર ખેતર રહેતાં હતા તે પ્રશ્નોનું નિવારણ થયેલ છે. ઘઉંમાં પણ હાર્વેસ્ટર દ્વારા કાપણી કરતાં થયેલ છે.

## બાગાયત

- ➔ મોરબી જિલ્લામાં યોજાતા કૃષિલક્ષી કાર્યક્રમ દ્વારા હાઇટેક હોર્ટીકલ્ચર વિશે માર્ગદર્શન મેળવી જિલ્લાના ખેડુતો ગ્રીનહાઉસ અને નેટહાઉસ કરતાં થયેલ છે.મોરબી જિલ્લામાં ઓછા વિસ્તારમાં વધુ ઉત્પાદન આપતા બાગાયતી પાકો જેવા કે, ફળપાક, શાકભાજી પાક, મસાલા પાક અને ફુલ પાકનું વાવેતર વધેલ છે.
- ➔ જિલ્લામાં અંદાજીત ૩૮૫૮૫ હેકટરમાં બાગાયતી પાકોનુ વાવેતર થયેલ છે.
- ➔ મોરબી જિલ્લામાં હાઇટેક ખેતી માટે ૪૩ ગ્રીન હાઉસ તથા ૪૬ નેટ હાઉસ કાર્યરત છે.
- ➔ બાગાયતી પાકોમાં ખાસ કરીને લીંબુ,દાડમ,અને ટીસ્યુ ખારેક નું વાવેતર વધારે પ્રમાણ માં થયું છે.
- ➔ કરતા વધુ રહ્યો છે.

મોરબીજિલ્લામાંકૃષિ વિજ્ઞાન કેન્દ્ર:

મોરબી જીલ્લાના ખેડુતોને કૃષિ બાગાયત,પશુપાલનતથા અન્ય કૃષિ સંલગ્ન પ્રશ્નો અનેતેનું નિરાકરણ મળી રહે તે માટે મોરબી જિલ્લામાં કૃષિવિજ્ઞાન કેન્દ્રની શરૂઆત થયેલ છે.જેના માટે જુનાગઢ કૃષિ યુનિવર્સીટીને રાજ્ય સરકાર દ્વારા ૫૬ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે. જીલ્લાના ખેડૂતો માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર એક સાયન્સ સેન્ટર તરીકે કામ કરશે.

- જેમાંખેડુતોના જમીન પાણીના નમુનાઓની ચકાસણી થશે.
- સજીવ ખેતીનું જ્ઞાન અને સર્ટીફિકેશન માટે માર્ગ દર્શન આપવામાં આવશે.
- મહિલાઓને કૌશલ્ય વર્ધન તાલીમ આપવામાં આવશે.
- ખેડુતોની તેમના પેદાશોના વેચાણ માટે માહિતી આપવામાં આવશે.
- ટુંકાહવામાન આધારિત માહિતી આપવામાં આવશે
- ખેડૂતોને પાક સંરક્ષણ માટે તાકીદની સેવાઓ કૃષિ વિજ્ઞાનીકોની ટીમ દ્વારા આપવામાં આવશે.

## IKhedut પોર્ટલ

છેલ્લા ત્રણ વર્ષથી આઇ-ખેડુતનું પોર્ટલ ઉભુ કરી ઓનલાઇન અરજીઓ લઇને ઓનલાઇન જરૂરી કાર્યવાહી કરીને ખેડુતોને ઓછા સમયમાં લાભ આપવાની યોજના કાર્યરત થયેલ છે. જેમાં ખેડુતોને કચેરીની મુલાકાત લીધા સિવાય સરકારશ્રીની યોજનાઓનો લાભ તેમના એકાઉન્ટમાં સીધે સીધી સહાયનો લાભ લીધેલ છે. મોરબીના ખેડૂતોને૨૦૧૪ -૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ અનુક્રમે૬૦૬.૭૧, ૬૭૭.૨૫ અને ૧૩૪૧.૬૬ લાખ રૂપિયાની સહાય સરકારશ્રીનીવિવિધ યોજનાઓ હેઠળ આપવામાં આવેલ છે.

મોરબીજિલ્લામાં ખરીફ ઋતુ પુર્વે કૃષિ મહોત્સવ-૨૦૧૬ નું બે દિવસીય જિલ્લા કક્ષાનું આયોજન વાંકાનેરતાલુકા ખાતે યોજવામાં આવેલ હતું. ૩૫૦૦ખેડુત ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. સદર

કાર્યક્રમમાં લાભાર્થીઓનેસહાય ચેકનુ વિતરણ કરવામાં આવેલ હતું. ખેડુતોને ખેતી વિષયક સાધન સામગ્રીની તથા અન્ય માહીતી મળી રહે તે માટે ૫૦ પ્રદર્શાની સ્ટોલ ઉભા કરવામાં આવેલ હતા.

મોરબીજિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ દરમ્યાન તાલુકાવાર કુલ ૦૫કર્યક્રમોમા એક દિવસનું સેમીનાર કમ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૮૫૦૦ખેડુત ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ખેતીવાડી શાખા દ્વારા સહાયનાચેકનુંવિતરણ કરવામાં આવેલ હતું. તદઉપરાંત કૃષિ નિષ્ણાતો તથા અન્ય વિભાગો દ્વારા ખેતીવાડી તથા ગ્રામ્ય કક્ષાની વિવિધ યોજાનાઓ, નફાકારક ખેતી પધ્ધતી વગેરે વિષે માર્ગદર્શન પુરું પાડવામાં આવેલ હતું.

**મોરબીજિલ્લાના મુખ્ય પાકોની ઉત્પાદકતા:-**

| અનુ. | પાક | અંદાજિત વાવેતર વિસ્તાર (હે.) | ઉત્પાદન મે. ટનમાં | ઉત્પાદકતાકી.ગ્રા. / હે | ભાવ પ્રતિ ક્વિન્ટલ | આવકરૂ.માં |
|---|---|---|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૯૭૩૩૨ | ૬૮૬૯૧૨ | ૩૪૮૧ | ૫૨૫૦ | ૩૬૦૬ કરોડ |
| ૨ | મગફળી | ૩૯૮૪૦ | ૩૭૮૪૮ | ૯૫૦ | ૩૫૦૦ | ૧૩૨ કરોડ |
| ૩ | તલ | ૧૪૯૯૬ | ૫૬૯૬ | ૩૮૦ | ૫૫૦૦ | ૩૧.૩૨કરોડ |
| ૪ | એરંડા | ૧૮૬૪૪ | ૧૩૯૮૦ | ૭૫૦ | ૩૯૫૦ | ૫૫.૨૨ કરોડ |
| ૫ | બાજરી | ૩૨૦ | ૩૧૬ | ૯૯૦ | ૧૪૨૫ | ૪૫ લાખ |
| ૬ | ઘઉં | ૧૦૭૨૩ | ૩૨૧૬૦ | ૩૦૦૦ | ૧૭૫૦ | ૫૬.૨૮કરોડ |
| ૭ | ચણા | ૨૮૮૫ | ૧૪૪૨ | ૫૦૦ | ૪૬૦૦ | ૬.૬૩ કરોડ |
| ૮ | જીરૂ | ૧૧૦૨૪ | ૧૧૯૦૫ | ૧૦૮૦ | ૧૪૪૨૫ | ૧૭૧ કરોડ |
| ૯ | ધાણા | ૬૩૪૬ | ૮૨૪૯ | ૧૩૦૦ | ૪૭૫૦ | ૯.૧૯ કરોડ |

## સોઇલ હેલ્થ કાર્ડ

- ✓ મોરબીજિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬**૧,૧૦,૦૦૦ ખેડુતોને સોઇલ હેલ્થકાર્ડ**નું વિતરણ કરવામાં આવે છે.
- ✓ ચાલુ વર્ષે કુલ અંદાજે ૬૯૦૦૦ખેડુત ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.
- ✓ જમીન પૃથ્થકરણ માટે આ વર્ષે જિલ્લાના તમામ ખેડુતોને જમીનના નમુનાની ચકાસણીની કામગીરી **૧૦૦% પૂર્ણ**કરેલ છે.

➔ **આત્મા પ્રોજેક્ટ**

- ✓ મોરબીજિલ્લામાં સરકારશ્રીના આત્મા પ્રોજેકટ અંતર્ગત ખેતીવાડી, પશુપાલન,બાગાયત કરતાં ખેડૂતોના **કુલ ૪૦૦૦ ખેડુત ખાતેદારોના ૩૦૭ ફાર્મર ગ્રુપ**ની રચના કરવામાં આવેલ છે. જે થકી

જીલ્લામાં આધુનીક ખેતી,પશુપાલન તેમજ બાગાયતની તાલીમ આપી જિલ્લાના અન્ય ખેડૂતોને પણ માહીતી પૂરી પાડવામાં આવે છે.

➢ **<u>ખેડૂત બજાર</u>**

મોરબીજિલ્લામાં ખેડૂતોને પોતાના શાકભાજી તથા ફળ પાકોમાં પોષકક્ષમ ભાવ મળી રહે તથા ગ્રાહકોને વાજબી ભાવે મળી રહે તે હેતુથી જિલ્લામાં **<u>હંગામી ખેડૂત બજાર</u>** ડીસેમ્બર – ૨૦૧૬થી દર રવિવારે આયોજન કરવામાં આવે છે. જેમાં જિલ્લા શાકભાજી તથા ફળ પકવતા ખેડૂત પોતાની પેદાશનું પોષકક્ષમ ભાવે વિતરણ કરે છે.

સરકારશ્રી તરફથી ચાલુ વર્ષે કૃષિ યાંત્રીકરણ, સુક્ષ્મ પિયત, માઈક્રોન્યુટ્રીયન્ટ, સેંદ્રીય ખાતર, હાઈબ્રીડ બિયારણ, સંકલીત પાક વ્યવસ્થાપન ઉપર વધુ ભાર મુકવામાં આવેલ છે. જેના પ્રતિસાદ રૂપે ખેડુતો પણ આધુનિક ખેતી પધ્ધતિ, ગ્રીન હાઉસ/નેટ હાઉસમાં ખેતી અપનાવતા થયા છે. જીલ્લાના કૃષિ, અને બાગયત ક્ષેત્રે પ્રગતિ તરફ ખેડુતોના વિકાસ માટે જીલ્લાનુંખેતીવાડી, અને બાગાયત શાખા હમેશાં કટિબધ્ધ છે.

<u>ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજના</u>

•જિલ્લામાં વર્ષ-૨૦૧૭-૧૮ દરમીયાન ખેડુત ખાતેદાર વિમા અકસ્માત યોજનામાં કુલ ૩૯ સ્વર્ગસ્થ ખેડુતોના વારસદારશ્રીઓને રૂ એક- એક લાખ લેખે ૩૯ લાખ વિમાની રકમ ચુકવવા માટે ની દરખાસ્ત

વિમા નિયામકશ્રીને મોકલવામાં આવેલ છે.

• વર્ષ-૨૦૧૭-૧૮ માં ૮૪૫૪ અરજીઓ ઓનલાઈન મંજુર કરી લાભાર્થીઓને કુલ ૫૧૬ લાખ રૂપીયાની સહાય ખેડુતોને ચુકવવમાં આવેલ છે.

**<u>માઈક્રો ઈરીગેશન સીસ્ટમ (સુક્ષ્મ પીયત પધ્ધ્તી)</u>**

• જિલ્લામાં ખેતીકાર્યામાં પાણીના કાર્યક્ષમ ઉપયોગ કરી ટપક પધ્ધતી માટેના પ્રયત્નો થકી અંદાજીત ૨૮૩૦૫ હેકટર જમીન ટપક પધ્ધતી હેઠળ આવરી લીધેલ છે. જેમા વર્ષ-૨૦૧૭-૧૮ માં ૧૯૦૭ ખેડુતો ને ૩૩૪૨ હેકટર જમીન માં ટપક પધ્ધતી હેઠળ આવરી લીધેલ છે. જે માટે ૧૨.૧૬ કરોડની સહાય પેટે ખેડુતોને રૂપીયા ચુકવેલ છે.

• ચાલુ વર્ષ -૨૦૧૭-૧૮ દરમીયાન ૧૯૪૦ લાભાર્થીઓને ફાર્મ મીકેનાઈઝેશન ઘટકો જેવા કે રોટાવેટર,ઓટોમેટીક ઓરણી ,પાવર થ્રેસર,શ્રેડર વિગેરે જેવા ઘટકમાં અત્યાર સુધીમાં અંદાજે ૨૭૦ લાખ રૂપીયાની સહાય ચુકવવાની કામગીરી કરેલ છે. તથા ટ્રેકટર ઘટકમાં ૨૧૭ લાભાર્થીઓને ૧૦૯ લાખ રૂપીયા સહાય ચુકવવામાં આવેલ છે. જેના કારણે ખેતી કાર્ય કરવામાં ઝડપ આવેલ છે પાક ઉત્પાદનમાં વધારો જોવા

મળેલ છે

જિલ્લા ખેતીવાડી અધિકારી
જિલ્લા પંચાયત-મોરબી